અપીલ અરજી નં.૧૦૫ તા.૨૨–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી બાબુભાઈ કેશવભાઈ ગોધાણી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાબુભાઈ કેશવભાઈ ગોધાણીની તા.૨૧/૨૨–૪–૧૦ ની અરજીથી (૧) પુર્વી સોસાયટી વિ–૨, શેરી નં.૫ મકાન નં.૬૪ માં બિનખેતી તથા પ્લાન પાસ મુજબ કેટલા વિસ્તારમાં અને કેટલા માળનાં બાંધકામની મંજુરી આપેલ છે? (૨) હાલમાં જે વધારાનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે તે મંજુરી મુજબનું છે કે બિનઅધિકૃત રીતે કરવામાં આવેલ છે? (૩) આ બિનઅધિકૃત બાંધકામ બદલ મકાન માલિક સામે શી કાર્યવાહી કરવામાં આવી તથા બિનઅધિકૃત બાંધકામ કેટલા સમયમાં દુર કરવામાં આવશે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧/૨૨–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૫/૨૦૧૦–૧૧

શ્રી બાબુભાઈ કેશવભાઈ ગોધાણીની તા.૨૧/૨૨–૪–૧૦ નીઅરજીથી (૧) પુર્વી સોસાયટી વિ–૨, શેરી નં.૫ મકાન નં.૬૪ માં બિનખેતી તથા પ્લાન પાસ મુજબ કેટલા વિસ્તારમાં અને કેટલા માળનાં બાંધકામની મંજુરી આપેલ છે? (૨) હાલમાં જે વધારાનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે તે મંજુરી મુજબનું છે કે બિનઅધિકૃત રીતે કરવામાં આવેલ છે? (૩) આ બિનઅધિકૃત બાંધકામ બદલ મકાન માલિક સામે શી કાર્યવાહી કરવામાં આવી તથા બિનઅધિકૃત બાંધકામ કેટલા સમયમાં દુર કરવામાં આવશે? તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૫૨ તા.૨૦–૫–૧૦ થી આપેલ માહિતી અધુરી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૯૮ તા.૨૫–૬–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત તેમજ પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગત અને નારાજગીના દાવાના સમર્થનમાં આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/એપેલેટ/ આરટીઆઈ અરજી નં.૫૨ થી તા.૩–૭–૧૦ , તા.૧૩–૭–૧૦ તથા તા.૧૯–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૨ તા.૨૦–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૨૯–૬–૧૦ નો ફરીયાદ પત્રની નકલ અરજદારનો તા.૧૪–૭–૧૦ નો એપેલેટ અરજી ફાઈલ કરવા અંગેની અરજીની મુળ નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧/૨૨–૪–૧૦ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર મીહતી અધિકારી વરાછાઝોનને મુદ્દા નં.૧ થી ૩ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આટીઆઈ/૫૨ તા.૨૦–૫–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૨૨–૬–૧૦ ના રોજ માહિતી અધૂરી તેમજ હકીકત છુપાવેલ હોય અન્યથા તો ઈરાદાપૂર્વક જવાબ આપવાનું ટાળેલ હોય તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ હાલમાં પૂર્વી સોસા.(હીરાબાગ વિ–૨, શેરી નં.૫ મકાન નં.૬૪ માં) બિન ખેતી તથા પ્લાન પાસ મુજબ કેટલા વિસ્તારમાં અને કેટલા માળના બાંધકામની મંજુરી આપેલ છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્વી સોસા.નો સમાવેશ ટીપી સ્કીમ નં.૧૫ ફુલપાડામાં થાય છે. સદર મુળ જમીન મોજે ફુલપાડા રે.સ. નં.૨૫ , ૪૬/૧ તથા ૪૬/૨ માં બાંધકામ કરવા માટેનો લે આઉટ પ્લાન અગાઉ તા.૨–૮–૮૫ ના હુકમથી મંજુર થયેલ છે. મંજુર પ્લાનની નકલ મેળવવા નકલ ફી પેટે રૂા.૮૫/– ની રકમ જમા કરાવવામાં આવ્યેથી નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ. પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ફી ભરી મંજુર પ્લાનની નકલ મેળવેલ છે કે કેમ? તેવું જણાવેલ નથી. મુદ્દા નં.૧ બાબતે અપીલ અરજીમાં મકાન નં.૬૪ ના વિસ્તારના એરીયાના પ્રમાણપત્રમાં દરેક બાજુ કેટલું માર્જીન છોડી કેટલા એરીયામાં બાંધકામની મંજુરી આપેલ છે તથા કેટલા માળના બાંધકામની મંજુરી આપેલ છે તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૨ હાલમાં જે વધારાના માળનું બાંધકામ હાથ ધરવામાં આવેલ તે મંજુરી મુજબનું છે કે બિન અધિકૃત રીતે કરવામાં આવેલ છે? તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્ન વાળી મિલ્કતમાં હાથ ધરવામાં આવેલ બાંધકામ મંજુરી મુજબનું હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા જણાયેલ નથી. આમ મુદ્દા નં.૨ ની માહિતી અરજદારને જણાવેલ છે. (૩) આ બિનઅધિકૃત બાંધકામ બદલ મકાન માલિક સામે શી કાર્યવાહી કરવામાં આવી તથા બિનઅધિકૃત બાંધકામ કેટલા સમયમાં દુર કરવામાં આવશે? તેની માહિતી આપવા. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં શરૂ થયેલ બાંધકામ ઝોન કચેરીએથી બંધ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે બિન અધિકૃત દુર કરવામાં આવશે કે કેમ? અને કયારે કરવામાં આવશે? તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) મુજબ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તેથી અરજદારને અપીલ તબકકેની રજૂઆત આરટીઆઈ કાયદા સાથે તેટલા પૂરતી સુસંગત નથી.

વધુમાં અરજદારે તા.૨૯–૬–૧૦ ના પત્રથી સદરહુ મિલ્કતના બાંધકામ અંગે ફ્લેટ નં.૧૦૩ તથા ૨૦૩ ની બાજુના પાછળના રૂમની દિવાલ ૨ ફુટ મકાન માલિક પોતાની જગ્યા છોડે અને આ છોડાવવામાં આવેલ જગ્યામાં બાંધકામના સ્લેબ , લીન્ટલ વિગેરે ટાઈપના પ્રોજેકટ ન કાઢે એટલે કે શિવાલય એપાર્ટ. તરફની જગ્યા તદ્દન ખુલ્લી રાખી બાંધકામ કરે તો મને કોઈ હરકત સરખું નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે તા.૧૪–૭–૧૦ ના પત્રમાં અરજદારની તા.૨૧–૪–૧૦ ની અરજી તથા તા.૨૯–૬–૦૯ ના પત્ર બાબત અને સદર મિલ્કત બાબતે કરેલ અપીલ અરજી સમાધાન થઈ ગયેલ હોઈ ફાઈલે કરવા જણાવેલ છે. જેની મુળ નકલ પણ અત્રે રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૧/૨૨–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ બાબતે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ફી ભરી અરજદાર મંજુર પ્લાનની નકલ મેળવી લેવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૨ અને ૩ ની ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોય તેમજ અરજદારે તા.૧૪–૭–૧૦ ના પત્રથી અપીલ અરજી દફતરે કરવા જણાવેલ હોઈ આ અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોન... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી બાબુભાઈ કેશવભાઈ ગોધાણી,